દાખલ તા:– ૨૨/૦૧/૨૦૧૯
ફેસલ તા:– ૨૯/૦૧/૨૦૨૬
સમયગાળો:–
૦૭–વર્ષ, ૦૦–માસ, ૦૭–દિવસ

**FORM - A**

<table>
<tr><td colspan="2">

**ગાંધીનગર જિલ્લાના અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલતમાં, મુ.કલોલ**

**આંક:–૫૧**

**(જજમેન્ટ તારીખ–૨૯/૦૧/૨૦૨૬)**

**સેશન્સ કેસ નંબર–૦૫/૨૦૧૯**

**(કલોલ તાલુકા પોલીસ સ્ટે.ફ.ગુ.રજી.નં.–૧૪/૨૦૧૮)**

ઈ.પી.કો.કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા
જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.
</td></tr>
<tr><td>**ફરીયાદી:–**</td><td>**શ્રી સરકાર.**<br>**મૂળ ફરીયાદી – નુરઆલમ સ/ઓ માજુદીન લતીફ શેખ,**<br>રહે. હાલ બદ્દુનીશા અબ્બાસભાઈ મલેકની રૂમમાં, ઈન્દીરાનગર, હાઈવે રોડ, છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગર</td></tr>
<tr><td>**ફરીયાદપક્ષ તરફે:–**</td><td>વિદ્વાન એડી. પબ્લીક પ્રોસીકયુટર શ્રી **જે.એચ.જોષી**</td></tr>
<tr><td>**આરોપી:–**</td><td>**અમિત ઉર્ફે કાળીયો સ/ઓ સુરેશભાઈ વાડીલાલ પટેલ, ઉ.વ.૨૭**<br>રહે.દિવાણીવાસ, છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગર</td></tr>
<tr><td>**આરોપી તરફે :–**</td><td>વિ.વ.શ્રી **બી.જે.પટેલ**</td></tr>
</table>

**FORM - B**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ– | ૨૬/૦૧/૨૦૧૮ |
| એફ.આઈ.આર.તારીખ– | ૨૭/૦૧/૨૦૧૮ |
| ચાર્જશીટ કર્યા તારીખ– | ૨૯/૦૫/૨૦૧૮ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ– | ૨૫/૧૧/૨૦૧૯ |
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ– | ૦૮/૦૧/૨૦૨૦ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ– | ૨૩/૦૧/૨૦૨૬ |
| ચુકાદા તારીખ– | ૨૯/૦૧/૨૦૨૬ |

| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | -- |
|---|---|

## -::આરોપીની વિગત::-

| આરોપી નો રેન્ક | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | આરોપી સામેના ગુનાનુ તહોમત | નિર્દોષ કે દોષિત | ફરમાવેલ સજા. | ક્રિ.પ્રો. કો. કલમ-૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અટકાયતમાં પસાર કરેલ સમય. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમિત ઉર્ફે કાળીયો સ/ઓ સુરેશભાઈ વાડીલાલ પટેલ | ૦૭/૦૧/૧૮ | -- | ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ | નિર્દોષ | -- | -- |

**FORM - C**

## ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના સાહેદોનું લીસ્ટ:-

**<u>એ - ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ:-</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૬ | ભરતજી ચુંથાજી ઠાકોર | પંચ સાહેદ |
| ૨ | ૦૮ | સેંધાજી ગલબાજી ઠાકોર | પંચ સાહેદ |
| ૩ | ૧૦ | મહેબુબમીયા છત્તુમીયા મલેક | સાહેદ |
| ૪ | ૧૬ | યાકુબભાઈ સાબીરભાઈ કુરેશી | સાહેદ |
| ૫ | ૧૭ | નિયામત હુસેનભાઈ મલેક | સાહેદ |
| ૬ | ૨૧ | જગદીશભાઈ દયારામ સાધુ | સાહેદ-પી.એસ.ઓ. |
| ૭ | ૨૬ | રોહિતજી મનુજી ઠાકોર | પંચ સાહેદ |
| ૮ | ૨૯ | યાસીફખાન હયાતખાન કુરેશી | સાહેદ |
| ૯ | ૩૩ | નુરઆલમ માઝુદીન શેખ | ફરીયાદી |
| ૧૦ | ૩૬ | સરફરાજખાન જમીલઅખ્તર શેખ | સાહેદ |
| ૧૧ | ૩૭ | સનવરઆલમ જમીલઅખ્તર શેખ | સાહેદ |
| ૧૨ | ૩૮ | રણજીતસિંહ હનુમાનસિંહ શેખાવત | પોલીસ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | ૪૨ | યુવરાજસિંહ રણજીતસિંહ વાઘેલા | તપાસ કરનાર અમલદાર |

**<u>બી – બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ:–</u>**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**<u>સી – કોર્ટ સાહેદોનું લીસ્ટ:–</u>**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

**<u>એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૦૯ | ફરીયાદીના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું |
| ૩ | ૨૨ | સૂચિપત્ર |
| ૪ | ૨૭ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું |
| ૫ | ૩૪ | ફરીયાદ |
| ૬ | ૩૫ | ડી.ડી. |
| ૭ | ૩૯ | ફરીયાદીનું ઈન્જરી સર્ટીફીકેટ |
| ૮ | ૪૩ | ટેલીફોન વર્ધી |
| ૯ | ૪૪ | એફ.એફ.એલ.નો ગુનાવાળી જગ્યાનો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૧૦ | ૪૫ | ફરીયાદીના કપડા તથા બ્લડ સેમ્પલ તથા આરોપીના બ્લડ સેમ્પલને એફ.એસ.એલ.પૃથ્થકરણ માટે મોકલી આપવા અંગેનું રવાનગી પત્રક |
| ૧૧ | ૪૬ | ફરીયાદીના કપડા તથા બ્લડ સેમ્પલ તથા આરોપીના બ્લડ સેમ્પલ એફ.એસ.એલ.ને મળ્યા બાબતની પહોંચ |
| ૧૨ | ૪૭ | હથિયારબંધીનું જાહેરનામું |
| ૧૩ | ૪૮ | ફોરવર્ડીંગ લેટર સાથેનો એફ.એસ.એલ.નો પૃથ્થકરણ અહેવાલ |

**<u>બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––– |

**<u>સી – કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––– |

## ઠ રા વ

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૬/૦૧/૧૮ ના કલાક ૨૩–૩૦ વાગ્યાના સુમારે મોજે છત્રાલ ઓવરબ્રીજની બાજુમાં આવેલ ફરીયાદીની સાનિયા ચિકનફ્રાય સેન્ટર ઉપર આ કામના આરોપીએ અન્ય ઈસમો સાથે મળી એક સંપ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી ગેરકાયદેસર મંડળી રચી, હાથમાં પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, નંબર પ્લેટ વગરની સફેદ કલરની ફોરવ્હીલર ગાડી લઈ આવી, આમલેટનો ઓર્ડર આપી ફરીયાદી સાથે જમવા બાબતે બોલાચાલી કરી, ફરીયાદીને તેના શેઠને ફોન લગાવવાનું કહી, ફરીયાદીને મારી નાંખવાના ઈરાદે ફરીયાદીને માથાના ભાગે તલવારના બે ઘા મારી માથામાં મરણતોલ ગંભીર ઈજાઓ કરેલ અને ફરીયાદી ભાગવા જતા આરોપીએ પોતાના હાથમાંની તલવાર ફેરવતા ફરીયાદીને જમણા હાથની કોણી ઉપર ઈજાઓ થયેલ, તેમજ સહ આરોપીઓએ ફરીયાદીને શરીરે લાકડીઓ તથા પાઈપોથી મૂઢ માર મારી ગંભીર ઈજાઓ કરી, અધિક જિલ્લા મેજી.શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદીએ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં આપતા તેના આધારે કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નંબર–૧૪/૨૦૧૮ થી ઈ. પી. કોડની કલમ– ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૧૪૭,

૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી વિરૂઘ્ધ ઉપરોકત ગુના અંગેની ફરીયાદ દાખલ થતા તપાસ એજન્સી ઘ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી આરોપી વિરૂઘ્ધ ઈ. પી. કોડની કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષા પાત્ર ગુના અંગે પૂરતો પુરાવો મળી આવતો હોઈ આરોપી વિરૂઘ્ધ સદરહુ ગુના અંગે વિ.જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, કલોલ ખાતે ક્રિ. પ્રો. કોડ કલમ–૧૭૩ અન્વયે ચાર્જશીટ કરેલ, જેનો ફોજદારી કેસ નં.૧૦૫૦/૧૮ પડેલ. ત્યારબાદ હાલના ગુના સબબનું કામ ચલાવવાની સત્તા વિ.જયુડી.મેજી.ફ.ક. કોર્ટ, કલોલને ન હોઈ સદરહુ કામ અત્રેની કોર્ટમાં કમીટ થઈને આવતા, ત્યારબાદ ક્રિ.પ્રો. કોડ કલમ–૨૦૭ અન્વયે ફરીયાદપક્ષના પોલીસ પેપર્સની નકલો આરોપીને વિના મુલ્યે પુરી પાડેલ છે.

(૩) આ કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા આરોપી વિરૂઘ્ધ ક્રિ. પ્રો. કોડ કલમ–૨૨૮ હેઠળ આંક–૦૪ થી ઈ. પી. કોડ કલમ– ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષા પાત્ર ગુના અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને તેને લગત આરોપીનું નિવેદન આંક–૦૫ મુજબ નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ તેમની વિરૂઘ્ધના ગુનાનો ઈનકાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) સદર કામે ફરીયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ પુરવાર કરવા માટે ઉપર જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૫૦ થી ફરીયાદપક્ષનો પુરાવો પૂરો થયાનું પુરસીસથી જાહેર કરેલ છે. આ કામે ફરીયાદપક્ષે ઉપર મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ કર્યા બાદ આરોપીને પુરતી અને વ્યાજબી તક મળી રહે તે હેતુસર ક્રિ.પ્રો.કોડ કલમ-૩૧૩ અન્વયે વધારાનું નિવેદન લેતા ફરીયાદપક્ષે રજૂ કરેલ પુરાવો ખોટો હોવાનું અને તેની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. જોકે, આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલ નથી. આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે, ''અમો આરોપીને ખોટા કેસમાં ફસાવવામાં આવેલ છે અને અમારા વિરૂધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે''.

(૬) આ કામે સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એચ.જોશીની તથા આરોપી તરફે વિ. વ.શ્રી બી.જે.પટેલની મૌખિક દલીલો સાંભળી.

(૭) આ કામે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, આ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા.૨૬/૦૧/૧૮ ના કલાક ૨૩-૩૦ વાગ્યાના સુમારે મોજે છત્રાલ ઓવરબ્રીજની બાજુમાં આવેલ ફરીયાદીની સાનિયા ચિકનફ્રાય સેન્ટર ઉપર આ કામના આરોપીએ અન્ય ઈસમો સાથે મળી એક સંપ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી ગેરકાયદેસર મંડળી રચી, હાથમાં પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, નંબર પ્લેટ વગરની સફેદ કલરની ફોરવ્હીલર ગાડી લઈ આવી, આમલેટનો ઓર્ડર આપી ફરીયાદી સાથે જમવા બાબતે બોલાચાલી કરી, ફરીયાદીને મારી નાંખવાના ઈરાદે માથાના ભાગે તલવારના બે ઘા મારી માથામાં મરણતોલ ગંભીર ઈજાઓ કરી અને ફરીયાદી ભાગવા જતા

આરોપીએ પોતાના હાથમાંની તલવાર ફેરવતા ફરીયાદીને જમણા હાથની કોણી ઉપર ઈજાઓ કરી, તેમજ અધિક જિલ્લા મેજી.શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ. પી. કોડની કલમ– ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષા પાત્ર ગુન્હા કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો તથા તેના કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## <u>કા ર ણો</u>

(૯) ફરીયાદપક્ષે વિધ્વાન એડી.પી.પી.શ્રી જે.એચ.જોષીનાઓએ એવી દલીલ કરેલ છે કે, આ કામે રેકર્ડ ઉપર રજૂ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લઈ આરોપીને કસુરવાર ઠરાવી આરોપીને કાયદાનુસાર સજા કરવા તેમની મુખ્યત્વે રજૂઆત છે.

(૧૦) આરોપી તરફે વિ.વ.શ્રી બી.જે.પટેલનાઓની એકત્રપણે રજુઆત છે કે, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી સહિતના તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે. તેઓ ઘ્વારા ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરવામાં આવેલ ન હોવાથી આ કામે આંક–૩૪ થી રજૂ થયેલ ફરીયાદને સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં એવી દલીલ કરેલ છે કે, આ કામે આંક–૦૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૦૯ થી ફરીયાદીના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું તથા આંક–૨૭ થી આરોપીની શરીર સ્થિતિનું પંચનામું રજૂ થયેલ છે અને તે પંચનામાઓના પંચ સાહેદોને આ કામે તપાસવામાં આવેલ છે, પરંતુ તેઓએ સદર પંચનામાની

હકીકતોને સમર્થન કરેલ નથી. વધુમાં દલીલ કરેલ છે કે, આ કામે આંક–૩૯ થી ફરીયાદીનું ઈન્જરી સર્ટી. રજૂ થયેલ છે, પરંતુ તેની સાપેક્ષમાં મેડીકલ ઓફિસરને તપાસવામાં આવેલ નથી, તેમજ આંક–૪૭ થી જાહેરનામું રજૂ થયેલ છે, પરંતુ તેવું જાહેરનામું યોગ્ય રીતે પ્રસિધ્ધ થયેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર ફરીયાદપક્ષે સાબિત કરેલ નથી. આમ, આ કામે ફરીયાદપક્ષે કોઈ સચોટ મૌખિક પુરાવો રજૂ કરી આરોપી વિરૂધ્ધની હકીકત રેકર્ડ પર લાવેલ નથી, તે સંજોગોમાં આ કામે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું પણ કોઈ મૂલ્ય રહેતુ નથી. તે સંજોગોમાં આરોપીને આ ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા આરોપીઓ તરફે રજૂઆત કરેલ છે.

**<u>મુદ્દા નંબર–૧:</u>–**

**(૧૧)** ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ સાબિત કરવા માટે આ મૂળ ફરીયાદીને આંક–૩૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના અરસામાં તેઓ છત્રાલ ખાતે મહેબુબમીયા મલેકના તવા ઉપર કામ કરતા હતા અને બનાવના વખતે રાત્રે દસથી અગીયાર વાગ્યાની વચ્ચે તેઓ દુકાન બંધ કરી બેઠા હતા તે સમયે એક કાર આવેલી અને તેમાં થી મોઢે બુકાની બાંધેલા ચારથી પાંચ લોકો ઉતરેલા અને તે પૈકી એકના હાથમાં તલવાર અને બાકીના હાથમાં લાકડીના ધોકા હતા અને આ લાકો આવીને તેમને તેમના શેઠ વિશે પૂછતા તેઓએ શેઠ જતા રહેલ હોવાનું જણાવેલ અને આ લોકોના હાથમાં હથિયારો જોતા તેઓ ગભરાઈ ગયેલા અને ભાગવા લાગેલા અને આ લોકો તેમની પાછળ દોડેલા, આ લોકોમાંથી કોઈએ દંડો ફેંકતા તે દંડો તેમને પગમાં વાગતા તેઓ નીચે પડી ગયેલા અને આ ટાઈમે એક વ્યકિતએ તેમના માથામાં તથા જમણા હાથે તલવારથી ઘા મારેલા અને તે સમયે તેમની દુકાનથી આગળ એક બીરીયાનીની દુકાનવાળા ભાઈ અવાજ

સાંભળતા તેમની પાસે આવેલા અને તેમની ઉપર હુમલો કરનાર લોકો સ્થળ પરથી ભાગી ગયેલા અને તે સમયે તેમની સાથે કામ કરતા કારીગરો આવેલા અને ૧૦૮ માં તેમને હોસ્પિટલ લઈ ગયેલા. વધુમાં ફરીયાદીએ જણાવેલ છે કે, આ જે વ્યકિતઓ આવેલા તેઓએ મોઢા ઉપર બુકાની બાંધેલ હોય તેઓ કોઈને ઓળખી શકેલ નહી. તેમના શેઠ વિશે પૂછપરછ કરી હોય તેવુ બનેલુ નહી. બનાવ બાબતે તેઓએ શંકાના આધારે આંક–૩૪ વાળી ફરીયાદ આપેલી, તેમજ આંક–૩૫ વાળા ડી.ડી.માં તેમનો અંગૂઠો ઓળખી બતાવેલ છે. વધુમાં, ફરીયાદીએ તેમના પુરાવા દરમ્યાન મુદ્દામાલ કપડા ટીશર્ટ અને પેન્ટ ઓળખી બતાવેલ છે અને જણાવેલ છે કે, તેમને આરોપી બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી.

(૧૧.૧) આમ, ફરીયાદીએ આંક–૧૪ ની ફરીયાદ હકીકત મુજબનો પુરાવા નહી આપતા ફરીયાદપક્ષે તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વધુ ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. ત્યારબાદ બચાવપક્ષે ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, અજાણ્યા ઈસમોએ તેમને કયા કારણોસર હુમલો કરેલો તેની તેમને ખબર નથી, તેમના ઉપર હુમલો કરનાર ઈસમો બુકાની બાંધીને આવ્યા હોય તેથી તેમને ઓળખી શકે નહી, બીરીયાનીવાળા ભાઈએ તેમને કોઈના નામ આપ્યા હોય તેવુ બનેલ નથી, તેઓએ જે તે વખતે ફરીયાદમાં શંકાના આધારે નામ આપેલુ અને તે વ્યકિતને અગાઉ તેમના ભાઈ સાથે બોલાચાલી થયેલ હોય તેઓએ જે તે સમયે તેનું નામ લખાવેલુ. આમ, ફરીયાદીએ પોતાના સમગ્ર પુરાવા દરમ્યાન આંક–૩૪ ની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ ન હોઈ અને આ બનાવમાં તેમને પહોંચાડેલ ઈજાઓ આ કામના આરોપી ધ્વારા જ પહોંચાડવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદીએ તેમના પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ નથી, જેથી ફરીયાદીનો પુરાવો આરોપીને ગુના સાથે સાંકળવા મદદરૂપ બનતો નથી.

(૧૨) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે મહત્વના બનાવ સ્થળે હાજર સાહેદો સરફરાજ જમીલઅખ્તર શેખ તથા સનવરઆલમ જમીલઅખ્તર શેખને અનુક્રમે આંક–૩૬ અને ૩૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના અરસામાં તેઓ છત્રાલ ખાતે મહેબુબમીયા મલેકના તવા ઉપર કામ કરતા હતા અને તેમની સાથે નુરઆલમ તથા સનવરઆલમ કામ કરતા હતા, બનાવના વખતે રાત્રે દસથી અગીયાર વાગ્યાની વચ્ચે તેમના ભાઈ દુકાન બંધ કરી બેઠા હતા અને તેઓ દુકાનનો સામાન મુકવા ગયેલા, તે સમયે એક કાર આવેલી અને તેમાંથી મોઢે બુકાની બાંધેલા ચારથી પાંચ લોકો ઉતરેલા અને તે પૈકી એકના હાથમાં તલવાર અને બાકીના હાથમાં લાકડીના ધોકા હતા અને આ લાકો આવીને તેમના ભાઈને તેમના શેઠ વિશે પૂછતા તેઓએ શેઠ જતા રહેલ હોવાનું જણાવેલ અને આ લોકોના હાથમાં હથિયારો જોતા તેમના ભાઈ ગભરાઈ ગયેલા અને ભાગવા લાગેલા અને આ લોકો તેમની પાછળ દોડેલા, આ લોકોમાંથી કોઈએ દંડો ફેંકતા તે દંડો તેમના ભાઈને પગમાં વાગતા તેમના ભાઈ નીચે પડી ગયેલા અને આ ટાઈમે એક વ્યકિતએ તેમના ભાઈના માથામાં તથા જમણા હાથે તલવારથી ઘા મારેલા અને તે સમયે તેમની દુકાનથી આગળ એક બીરીયાનીની દુકાનવાળા ભાઈ અવાજ સાંભળતા તેમની પાસે આવેલા અને તેમના ભાઈ ઉપર હુમલો કરનાર લોકો સ્થળ પરથી ભાગી ગયેલા અને તે સમયે તેમની સાથે કામ કરતા કારીગરો આવેલા અને ૧૦૮ માં તેમને હોસ્પિટલ લઈ ગયેલા. વધુમાં સાહેદોએ જણાવેલ છે કે, આ જે વ્યકિતઓ આવેલા તેઓએ મોઢા ઉપર બુકાની બાંધેલ હોય તેઓ કોઈને ઓળખી શકેલ નહી. તેમને આરોપી બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી.

(૧૨.૧) આમ, આ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબનો પુરાવા નહી આપતા ફરીયાદપક્ષે તેમને ફરી ગયેલા સાહેદો જાહેર કરી વધુ ઉલટતપાસ કરવા છતાં

ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. ત્યારબાદ બચાવપક્ષે ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસમાં આ સાહેદોએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, અજાણ્યા ઈસમોએ તેમને કયા કારણોસર હુમલો કરેલો તેની તેમને ખબર નથી, તેમના ઉપર હુમલો કરનાર ઈસમો બુકાની બાંધીને આવ્યા હોય તેથી તેમને ઓળખી શકે નહી, બીરીયાનીવાળા ભાઈએ તેમને કોઈના નામ આપ્યા હોય તેવુ બનેલ નથી, તેઓએ જે તે વખતે ફરીયાદમાં શંકાના આધારે નામ આપેલુ અને તે વ્યકિતને અગાઉ તેમના ભાઈ સાથે બોલાચાલી થયેલ હોય તેઓએ જે તે સમયે તેનું નામ લખાવેલુ. આમ, આ સાહેદોએ પોતાના સમગ્ર પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોઈ અને આ બનાવમાં ફરીયાદીને પહોં ચાડેલ ઈજાઓ આ કામના આરોપી ધ્વારા જ પહોંચાડવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત તેમના પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ નથી, જેથી આ સાહેદોનો પુરાવો પણ આરોપીને ગુના સાથે સાંકળવા મદદરૂપ બનતો નથી.

(૧૩) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક–૦૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે અને આ પંચનામાના પંચ સાહેદ ભરતજી ચુંથાજી ઠાકોરને આ કામે આંક–૦૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેમજ આ કામે ફરીયાદપક્ષે આંક–૦૯ થી ફરીયાદીના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું રજૂ થયેલ છે અને આ પંચનામાના પંચ સાહેદ સેંધાજી ગલાબજી ઠાકોરને આંક–૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેમજ આ કામે ફરીયાદપક્ષે આંક–૨૭ થી આરોપીની શરીર સ્થિતિનું પંચનામું રજૂ થયેલ છે અને આ પંચનામાના પંચ સાહેદને આંક–૨૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પરંતુ ઉપરોકત પંચ સાહેદોએ તેમના પુરાવા દરમ્યાન ઉપરોકત પંચનામાઓની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી ફરીયાદપક્ષે તેમને ફરી ગયેલા સાહેદો જાહેર કરી વધુ ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને તેમજ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન

કરેલ નથી. આમ, આ પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને કે પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ ન હોઈ, જેથી આ પંચ સાહેદોનો પુરાવો પણ આરોપીને ગુના સાથે સાંકળવા મદદરૂપ બનતો નથી.

(૧૪) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ મલેક મહેબુબમીયા છત્તુમીયાને તેમજ આંક–૨૯ થી સાહેદ યાસીફખાન હયાતખાન કુરેશીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના પુરાવા દરમ્યાન તેઓ બનાવ બન્યા બાદ બનાવ સ્થળે પહોંચેલા હોવાનું જણાવેલ છે, તેમજ આ કામે ફરીયાદપક્ષે આંક–૧૬ થી તપાસવામાં આવેલ સાહેદ યાકુબભાઈ સાબીરભાઈ કુરેશીએ તથા આંક–૧૭ થી તપાસવામાં આવેલ સાહેદ નિયામત હુસેનભાઈ મલેકે તેમના પુરાવા દરમ્યાન તેઓ બનાવ બાબતે કાંઈ જાણતા નહી હોવાનું જણાવેલ છે. આમ, આ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબનો પુરાવા નહી આપતા ફરીયાદપક્ષે તેમને ફરી ગયેલા સાહેદો જાહેર કરી વધુ ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી આ સાહેદોએ પોતાના સમગ્ર પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોઈ અને આ બનાવમાં ફરીયાદીને પહોંચાડેલ ઈજાઓ આ કામના આરોપી ધ્વારા જ પહોંચાડવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત તેમના પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ નથી, જેથી આ સાહેદોનો પુરાવો પણ આરોપીને ગુના સાથે સાંકળવા મદદરૂપ બનતો નથી.

(૧૫) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૧ થી પોલીસ સાહેદ પી.એસ.ઓ. જગદીશભાઈ દયારામ સાધુને તેમજ આંક–૪૨ થી તપાસ કરનાર પોલીસ અધિકારી યુવરાજસિંહ રણજીતસિંહ વાઘેલાને સોગંદ ઉપર તપાસેલ છે. આ પોલીસ સાહેદો ધ્વારા પોતાની ફરજ દરમ્યાનના સમયમાં ફરીયાદીની ફરીયાદ લઈ તેઓએ દાખલ કરી અને તે અન્વયે જરૂરી કાર્યવાહી કરી આગળની તપાસ

સંભાળી લઈ તે અન્વયે જરૂરી કાર્યવાહી કરી પૂરતા પુરાવાના અંતે હાલનું ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે અને તે તપાસની કાર્યવાહી સબબના દસ્તાવેજી પુરાવાઓ ઉપર કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના રજૂ રાખેલ છે. અત્રે એ નોંધવુ આવશ્યક છે કે, આ કામે ફરીયાદપક્ષે રજૂ થયેલ તમામ પુરાવો ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થનકર્તા ન હોય તે સંજોગોમાં આ કામે પોલીસ સાહેદ–ત.ક.અ.નો પુરાવો શંકાસ્પદ બની રહે છે, તેમજ અત્રે એ પણ નોંધવુ જરૂરી છે કે, આ કામે ત.ક.અ.ની તપાસ કાર્યવાહી દરમ્યાન 'સબસીકવન્ટ ઈવેન્ટ'ના ભાગરૂપે થયેલ પંચનામા તેમજ અન્ય એફ.એસ.એલ.ના અહેવાલ સહિતના દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ છે, પરંતુ તે તમામ દસ્તાવેજો પણ આ કામે ફરીયાદપક્ષના સમર્થનમાં સચોટ પુરાવો રજૂ થયેલ ન હોય ત્યારે ધ્યાને લેવો હિતાવહ નથી. આમ, ફરીયાદપક્ષે તેમના કેસને સમર્થન કરતો એકમાત્ર પુરાવો રજૂ રાખી પોતાની ફરીયાદ હકીકત નિ:શંકપણે સાબિત કરેલ ન હોય તેવા સંજોગોમાં આ પોલીસ સાહેદની જુબાનીના પુરાવાના આધારે આરોપી સામેનો કેસ સાબિત થયેલો માની શકાતો નથી.

(૧૬) પ્રસ્તુત કેસમાં આરોપી સામે ઈ.પી.કો. કલમ–૧૪૭, ૧૪૮ અને ૧૪૯ મુજબ શિક્ષાપાત્ર ગુન્હા અંગેનું તહોમત છે. ઉપરોકત ગુન્હા પુરવાર કરવા માટે ઈ.પી.કો. કલમ–૧૪૧ તથા ૧૪૨ ના તત્તવો તથા સામાન્ય હેતુ પાર પાડવા માટે પ્રાણઘાતક હથિયાર ધારણ કરી આચરવામાં આવેલુ બળ તથા આચરવામાં આવેલી હિંસા એ કલમના તત્વો ગણાય અને ફરીયાદપક્ષે ઈ.પી.કો. કલમ–૧૪૧ માં દર્શાવ્યા મુજબની ગેરકાયદેસર મંડળી એટલે કે પાંચ કે તેથી વધુ વ્યકિતના સમૂહ તેમના કલમ–૧૪૧ માં દર્શાવેલા સામાન્ય હેતુ પૈકીનો કોઈ હેતુ પાર પાડવા માટે કાનુન હાથમાં લઈને જાહેર શાંતિનો ભંગ કર્યાની હકિકત પુરવાર કરવી આવશ્યક છે. પ્રસ્તુત કેસનું ચાર્જશીટ જોવામાં આવે તો ત.ક.અ. ધ્વારા માત્ર હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે અને ગુનામાં સંડોવાયેલ અન્ય આરોપીઓનો કયાંય ઉલ્લેખ

ચાર્જશીટમાં કરેલ નથી. આમ, ગેરકાયદેસર મંડળી પુરવાર કરવા માટે અન્ય ઈસમોની ગુનામાં સંડોવણી પણ પુરવાર કરવી આવશ્યક છે. પરંતુ પ્રસ્તુત કેસમાં માત્ર હાલના એકમાત્ર આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ હોઈ, ફરીયાદપક્ષ ઈ.પી.કો. કલમ–૧૪૭, ૧૪૮ તથા ૧૪૯ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હાનું તહોમત પુરવાર કરવામાં સરીયામ નિષ્ફળ નિવડેલ છે.

(૧૭) આમ, ઉપર મુજબની પુરાવાની ચર્ચા તથા સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, આ કામે ભોગ બનનાર મૂળ ફરીયાદી ધ્વારા જ તેમની આંક–૩૪ ની ફરીયાદ હકીકતને સમર્થનકારક પુરાવો રજૂ નહી થતા, તેમજ આ કામે બનાવ સ્થળે હાજર સાહેદોએ પણ તેમના પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ ન હોઈ, તેમજ આ કામે રજૂ થયેલ પંચનામાના પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતોને સમર્થિત કરેલ ન હોય અને આ કામે અન્ય સાહેદોના પુરાવાથી પણ હાલના કામે આરોપીની સંડોવણી પુરવાર થતી ન હોય તે સંજોગોમાં ફરીયાદ પક્ષના કેસ મુજબ તા.૨૬/૦૧/૧૮ ના કલાક ૨૩–૩૦ વાગ્યાના સુમારે મોજે છત્રાલ ઓવરબ્રીજની બાજુમાં આવેલ ફરીયાદીની સાનિયા ચિકનફ્રાય સેન્ટર ઉપર આ કામના આરોપીએ અન્ય ઈસમો સાથે મળી એક સંપ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી ગેરકાયદેસર મંડળી રચી, હાથમાં પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, નંબર પ્લેટ વગરની સફેદ કલરની ફોરવ્હીલર ગાડી લઈ આવી, આમલેટનો ઓર્ડર આપી ફરીયાદી સાથે જમવા બાબતે બોલાચાલી કરી, ફરીયાદીને મારી નાંખવાના ઈરાદે માથાના ભાગે તલવારના બે ઘા મારી માથામાં મરણતોલ ગંભીર ઈજાઓ કરી અને ફરીયાદી ભાગવા જતા આરોપીએ પોતાના હાથમાં ની તલવાર ફેરવતા ફરીયાદીને જમણા હાથની કોણી ઉપર ઈજાઓ કરી, તેમજ અધિક જિલ્લા મેજી.શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ. પી. કોડની કલમ– ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ નથી તેવુ સ્પષ્ટ

થાય છે. જેથી ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિ:શંકપણે રજુ થયેલ રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ નથી ત્યારે આરોપીને તેનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વ્યાજબી ન્યાયી અને ઉચિત જણાય છે, તેવા સંજોગોમાં ઉપર ઉદ્દભવેલ **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નં. ૨** અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

**૧.** આ કામના આરોપી **અમિત ઉર્ફે કાળીયો સ/ઓ સુરેશભાઈ વાડીલાલ પટેલ,** રહે.દિવાણીવાસ, છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગરનાઓને **ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૦૭, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ-૧૩૫** મુજબના શિક્ષા પાત્ર ગુન્હાના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૩૫(૧) અન્વયે પૂરતા પુરાવાના અભાવે **શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી** મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ યોગ્ય રાહે નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** સંભવિત અપીલના હેતુસર ક્રિ. પ્રો. કોડની કલમ-૪૩૭(એ) હેઠળ આરોપીએ **રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરાના)** સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. **૨૯ મી,** માહે - **જાન્યુઆરી,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કલોલ.
તા. ૨૯/૦૧/૨૦૨૬.

**(દિવ્યેશ વિપિનચંદ્ર શાહ)**
**GJ00595**
**એડી.સેશન્સ જજ, કલોલ**

જે.એમ.રબારી, પી.એસ.